# ભગવાન મહાવીરની વાણી

(ડૉ. નાનક કામદાર, ભાવનગર)

હિંદુ ધર્મ અને તેની માન્યતાઓના નવસંસ્કરણ તરીકે જૈનધર્મને ઓળખાવતાં જેકોબી લખે છે.

"Buddhism and Jainism must be regarded as religions developed out of Brahmanism not by a sudden reformation but, prepared by a religious movement going on for a long time."

જૈનધર્મના પ્રવર્તક, ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરનો સંદેશ આજના મંગલ પર્વને દિવસે આપણા જીવનમાં ઉતારવાનો પ્રયાસ કરી કામના કરીએ -

અમને સઘળી દિશાઓમાંથી સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.

ભગવાન મહાવીરના જીવનને ત્રણ તબક્કાઓમાં વહેંચવામાં આવ્યું છે. જન્મથી અઠ્યાવીસ વર્ષ સુધી તેમણે એક રાજકુમાર તરીકે જીવન પસાર કર્યું. તેમના માતાપિતાનું અવસાન થતાં બે વર્ષ ભાવયતિ તરીકે વિતાવી, સાડાબાર વર્ષ સુધી ઉગ્ર તપસ્યા કરી મહાવીર, તીર્થંકર, જિનપ્રભુ તરીકે તેઓ ઓળખાયા. જીવનના અંતિમ તબક્કામાં ત્રીશ વર્ષ સુધી જુદી જુદી જગ્યાએ વિહાર કરી, હસ્તિપાળની સભામાં સોળ પ્રહર દેશના આપી, પાવાપુરીમાં આસો વદ અમાસના દિવસે નિર્વાણ પામ્યા. તેઓએ જીવદયાનો ધ્વજ ફરકાવી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે સ્યાદ્વાદનો અમૂલ્ય સિધ્ધાંત જગતને આપ્યો છે.

પ્રાચીનમાં પ્રાચીન કહી શકાય તેવા આચારાંગ, ભગવતી વગેરે ગ્રંથોમાં તેમના ઉદ્ગારો અને વિશ્વસનીય સંવાદો મળી આવે છે. જે બધા પરથી જોઈ શકાય છે કે, છેક નાની ઉંમરથી જ નિર્ગ્રન્થ-પરંપરાથી અહિંસાવૃત્તિ તેમનામાં વિશેષરૂપે આવિર્ભાવ પામી હતી. આ વૃત્તિને તેમણે એટલે સુધી વિકસાવી હતી કે પોતાના નિમિત્તે કોઈ સુક્ષ્મ જંતુ સુધ્ધાનાં દુઃખમાં ઉમેરો ન થાય એ રીતે જીવન જીવવા તેઓ મથામણ કરતા, એ મંથને તેમને એવું અપરિગ્રહ વ્રત કરાવ્યુ કે તેમાં કપડાં અગર ઘરનો આશ્રય સુધ્ધાં વર્જ્ય ગણાયો. મહાવીર કહે છે, "દુનિયા માત્ર દુઃખી છે. પોતાની સુખ સગવડ માટે બીજાનું દુઃખ વધારો નહીં. બીજાના સુખમાં ભાગીદાર ન બનો, પણ બીજાનું દુઃખ હળવું કરવા કે નિવારવા સતત પ્રયત્નશીલ રહો." એકની એક જ વાત અનેક રૂપે પોતાના સંપર્કમાં આવનાર દરેકને સંભળાવતા ભગવાન કહે છે કે, "મન, વાણી અને દેહની એકતા સાધો. ત્રણેનું સંવાદી પેદા કરો. જે વિચારો તેજ બોલો અને તે પ્રમાણે વર્તો. અને જે વિચારો તે પણ એવું કે તેમાં ક્ષુદ્રતા કે પામરતા ન હોય. પોતાના અંતરના શત્રુઓને જ શત્રુ લેખો. અને જે વિચારો તે પણ એવું કે તેમાં ક્ષુદ્રતા કે પામરતા ન હોય. પોતાના અંતરના શત્રુઓને જ શત્રુ લેખો. અને તેને જીતવાની જ વીરતા બતાવો." તેઓ કહે છે કે, ""જો એ બાબતમાં એક નિમિષમાત્રનો પ્રમાદ થશે તો જીવનનો મહામૂલો સદ્ અંશ નકામો જ જશે. અને પછી કદી નહીં લાધે."

હિંસામાં અસત્ય, ચોરી, વગેરે બધા દોષો અને બધી બુરાઈઓનો સમાવેશ થઈ જાય છે. હિંસા, જુઠ, ચોરી, લુચ્ચાઈ વગેરે જેવા દોષો પરિગ્રહના આવેશમાંથી જન્મે છે, જે સમાજમાં વિષમતા ઉત્પન્ન કરી વર્ગ વિગ્રહો જગાવી માનવી માનવી વચ્ચે વિસંવાદ જન્માવે છે. સ્વચ્છતા તેમજ વિલાસના મૂળરૂપ પરિગ્રહ માટે ભગવાન મહાવીરે પરિગ્રહ-પરિમાણ ઉપર ભાર મુકી સમાજમાં સુખ-શાન્તિ સ્થાપવાનો પ્રયાસ કર્યો છે. સામ્યવાદ અને મૂડીવાદનું આંદોલન જ્યારે અણુ યુધ્ધના નગારાં વગાડી રહ્યું છે. ત્યારે તેમાંથી મુક્ત થવાનો એક માત્ર માર્ગ પરિગ્રહ પરિમાણ અને લોક મૈત્રીનો વિશાળ નાદ સર્વ પ્રથમ શ્રેષ્ઠ રીતે મહાવીરે પ્રબોધ્યો છે.

જેવી ગીતાની ઉક્તિ માફક ભગવાન મહાવીરનો જીવનદૃષ્ટિ પણ આપણને સર્વભૂતાત્મ ઐક્ય જોવા મળે છે. આચારાંગમાં પ્રભુ દલીલ પૂર્વક સમસ્ત વિશ્વમાં પોતાના જેવું જ ચેતન તત્ત્વ ઉભરાતું ઉલ્લસતું દર્શાવે છે. આ ચેતનતત્ત્વને ધારણ કરનાર શરીરો અને ઈન્દ્રિયોના આકાર પ્રકારોમાં ગમે તેટલું અંતર હોવા છતાં તાત્કાલિક રૂપે સર્વમાં ચેતનતત્ત્વ એક જ પ્રકારનું વિલસી રહ્યું છે. ભગવાનની આ દૃષ્ટિને, "આત્મૌપમ્યની દૃષ્ટિ" કહેવામાં આવે છે.

ભગવાનની જીવન દૃષ્ટિમાં જીવન શુધ્ધિનો પ્રશ્ન પણ સમાયેલો છે. ચેતનાનો પ્રકાશ ગમે તેટલો આવૃત્ત હોય છતાં તેની શક્તિ તો પૂર્ણ શુધ્ધિની જ છે. જો જીવ તત્ત્વમાં પૂર્ણ શુધ્ધ થવાની શક્યતા ન હોય તો આધ્યાત્મિક સાધનાનો કોઈ અર્થ જ રહેતો નથી. અહીં વેદાંતી શુદ્ધાદ્વૈતવાદ અને કેવલા દ્વૈતવાદના દૃષ્ટિ બિંદુઓમાં રજુ થયેલી વાત જોવા મળે છે. જે અનુસાર આત્મા મૂળમાં શુધ્ધ છે. વાસના કે કર્મોની છાયા પડવાથી ઉત્પન્ન થતો જીવભાવ તે તેનું મૂળ સ્વરૂપ નથી.

જો તાત્ત્વિક રૂપે જીવનનું સ્વરૂપ શુધ્ધ જ છે તો પછી આપણે એ સ્વરૂપ કેળવવા શી સાધના કરવી ? ઉત્તરાધ્યયન સૂત્રના પચીશમા અધ્યાયમાં ભગવાન કહે છે. સમતાથી શ્રમણ થવાય છે. વ્યવહારૂ ભાષામાં બધી સાધનાનો અર્થ એટલો જ કે તદ્દન સરળ, સાદું અને નિષ્કપટ જીવન જીવવું. વ્યવહારૂ જીવન એ આત્મૌપમ્યની દૃષ્ટિ કેળવવા અને આત્માની શુધ્ધિ સાધવાનું એક સાધન છે. માણસ જ્યાં બેસે છે. ત્યાંજ પ્રભુના ચરણો છે. જો એ સમજે તો



क्रोध अग्नि को दूर कर, बनो सदा तुम धीर ।
जयन्तसेन सुखद जीवन, पूर्ण तया गंभीर ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એનું પ્રત્યેક આચરણ પ્રભુના ચરણની સેવા છે. જો એ આચરણો પાછળ નિષ્કામ પ્રેમ, વિશુધ્ધ ત્યાગ અને વિશ્વ કલ્યાણની ભાવના હોય તો.

સત્યનું ચિંતન જ માત્ર નહિં, સત્ય ધર્મ દ્વારા જીવનમાં ઉતરવું જોઈએ. સત્ય આત્મા છે, ધર્મ એ આત્માને આવિર્ભૂત થવા માટેનું શરીર છે. જે ધર્મમાં સત્ય નથી. તે પ્રાણ વગરના શરીર જેવો છે. ધર્મ રૂપે ધારણ કરીને જીવન સાથે જડાઈ ન જાય એ સત્ય કેવળ એક બુધ્ધિ વિલાસ જ છે. સત્યની સંમતિ વગરનો ધર્મ ન હોઈ શકે. ધર્મરૂપે જીવનમાં અવતરે નહિં એ સત્ય, વાણી અને વિચારનો નર્યો દંભ બની રહે. સત્ય અને ધર્મ એકબીજાની કસોટી છે. 'સત્ય' તરીકે જે પ્રતીત થયું તે જીવનમાં નિત્યના આચાર રૂપે ઉતરવું જોઈએ. ધર્મ લેખે કોઈ ક્રિયા કે કર્મનું આચરણ કરતા પહેલા એ ક્રિયા કે કર્મ સત્યથી વિરૃધ્ધ તો નથી ને તેનો વિચાર કરવો જોઈએ. આચારાંગમાં આથી જ તો ભગવાન કહે છે, "पुरिसा सच्चमेव समभिजाणाए – મનુષ્યો ! સત્યને સમજો ! સત્યના સહારે મેઘાવી મૃત્યુને તરી જાય છે."

આ બધી વાતો સાચી હોય તો પણ એ તો વિચારવાનું રહે જ છે કે આ બધું કેવી રીતે બને ? જે સમાજ, જે વિશ્વ, જે લોકપ્રવાહમાં આપણે રહીએ છીએ તેમાં તો આવુ કશું જોવા મળતું નથી. શું ઈશ્વર કે એવી કોઈ દૈવી શક્તિ નથી જે આપણો હાથ પકડી પ્રવાહની ઉલટી દિશામાં લઈ જાય, ઊંચે ચઢાવે ? આનો ઉત્તર મહાવીરે સ્વાનુભવથી આપ્યો છે. તે એ કે આ માટે પુરુષાર્થ જ આવશ્યક છે. જ્યાં લગી કોઈ પણ સાધક સ્વયં પુરુષાર્થ ન કરે, વાસનાઓના દબાણ સામે ન થાય - असंग शस्त्रेण द्रढेन छित्त्वा –એના આઘાત પ્રત્યાઘાતોથી ક્ષોભ ન પામતાં અડગપણે એની સામે ઝૂઝવાનું પરાક્રમ ન દાખવે ત્યાં લગી એક પણ બાબત કદી સિધ્ધ ન થાય. તેથી જ તો ભગવાન મહાવીર કહે છે, "सजमिम्म वीरीयम्" અર્થાત્, સંયમ, ચારિત્ર્ય, સાદી રહેણી-કરણી એ બધા માટે પરાક્રમ કરવું. ખરી રીતે મહાવીર એ નામ નથી, વિશેષણ છે. જે આવું મહાન વીર્ય - પરાક્રમ દાખવે તે સહુ મહાવીર આમાં સિધ્ધાર્થનંદન તો આવી જ જાય છે અને વધારામાં બીજા બધા એવા અધ્યાત્મ પરાક્રમીઓ પણ આવી જાય છે. શ્રીમદ્ ભાગવત કહે છે કે તેમ गृहात् प्रव्रजितः આપણી ભૌતિક અને નૈતિક, વૈચારિક અને આધ્યાત્મિક સંકુચિતતાઓની દીવાલોમાંથી બહાર આવી તપ અને સમાધિ દ્વારા અશક્યને શક્ય બનાવવાનું છે. પુરુષાર્થને બૌધ્ધમંગળસૂત્રમાં एतं मंगलमुत्तमम – એક ઉત્તમ મંગળ તરીકે ઓળખાવેલ છે. જૈનસૂત્રમાંના "चत्तारि मंगलम्" પાઠમાં જે ચોથુ મંગળ કહેવામાં આવ્યુ છે. તે આજ બાબત છે.

કૃષ્ણમૂર્તિ વાત કરે છે એવી શિસ્ત-સમરૂપતા (Conformity) આપણામાં ઊભી થાય તો કદાચ આપણે મહાવીર જેવા માર્ગદર્શક વગર ચલાવી શકીએ. પણ સ્વસ્થતાનો આપણામાં અભાવ હોય ત્યારે કૃષ્ણમૂર્તિ કહે છે એ અર્થમાં ક્રિયાશીલ થવું શક્ય નથી અને તેવી કે બીજી કોઈપણ પરિસ્થિતીમાં પોતાના પુરુષાર્થને તો નકારી જ ન શકાય. આથી દરેક પરિસ્થિતીમાં ગતિશીલ અભિગમ અપનાવવો એ ઉપાય છે, તેવો ભગવાનનો સરળ સંદેશ છે.

સત્ના સ્વરૂપ વિષે ભિન્ન ભિન્ન દર્શનોમા ભિન્ન ભિન્ન મંતવ્યો છે. વેદાન્ત દર્શન પૂર્ણ સત્રૂપ બ્રહ્મને કેવળનિત્ય જ માને છે. પરંતુ જૈનદર્શનનું મંતવ્ય એવું છે કે, ચેતન કે જડ, મૂર્ત કે અમૂર્ત, સ્થૂલ કે સૂક્ષ્મ, બધી સત્ કહેવાતી વસ્તુઓ ઉત્પાદક, નાશ અને સ્થિર એવી ત્રયાત્મક છે. વસ્તુનું અનેક દૃષ્ટિઓથી– ભિન્ન ભિન્ન અપેક્ષાથી અવલોકન કે કથન કરવાના આ દૃષ્ટિબિંદુને જ્ઞાનમિમાંસાકીય રીતે અનેકાન્તવાદ કે સ્યાદ્વાદ તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ, આધ્યાત્મિક દૃષ્ટિ બિંદુથી અનેકાન્તવાદ એ સમન્વયવાદ પણ છે. અને તેમાંથી જ સમભાવનું કલ્યાણમય ફળ નિપજી વ્યાપક મૈત્રી ભાવના દ્વારા મનુષ્યભૂમિ કલ્યાણભૂમિ બની જઈ શકે છે.

આપણે જોઈ શકીએ છીએ કે એરિક ફ્રોમના દૃષ્ટિબિંદુ જેવું જ કંઈક જૈનધર્મમાં પણ જોવા મળે છે. જૈનધર્મ પ્રવર્તક ભગવાન મહાવીર, માણસને તારણહાર તરીકે જોવાની ઈશ્વરીય ભ્રમણામાંથી બહાર લાવવાનો પ્રયાસ કરી, માણસના સ્વના અહંકારની મર્યાદાઓનું નિવારણ કરી; પ્રેમ, નિરપેક્ષતા અને નમ્રતા પ્રાપ્ત કરી; જીવનનો આદર કરીને જીવવું એ જ જીવનનું ધ્યેય બની રહે અને માનવીને સ્વ સ્વરૂપ પામવામાં મદદરૂપ થાય તેવા આચારનો બોધ આપે છે.

બધી ચર્ચાના સારમાં શ્રી યશોવિજયજીનાં ઉદગારો ઉલ્લેખનીય છે, "किं वट्णा इह जह जह रागदोसा लहु विलिज्जन्ति। तह तह पयट्टिअव्वं एसा आणा जिणिदाणं ॥ વધુ શું કહેવું ? જે જે રીતે રાગ દ્વેષ નાશ પામે તે તે રીતે પ્રયત્ન કરવા એજ જિનેન્દ્ર દેવની આજ્ઞા છે.


સંદર્ભ ગ્રંથો :-

૧ પંડિત સુખલાલજી "દર્શન અને ચિંતન " ખંડ ૨.

૨ "The Sacred Book of the East "Vol. XXII.

૩ "જૈન દર્શન" આવૃત્તિ - ૯. લે. મુનિશ્રી ન્યાયવિજયજી

૪ "ધર્મતત્ત્વચિંતન" લે. હિરાલાલ ઠક્કર., યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

૫ "Indian Philosophy" by Dr. Radhakrishnan.


**મધુકર-મૌક્તિક**

*જે બાજુ જીવનનું ત્રાજવું નમી જાય છે તે તરફની તેવી અનુભૂતિ સહજમાં જ થઈ શકે છે. વિપરીત દિશામાં નમે તો શ્રવણ, અનુસરણ અને અનુભવ પણ વિપરીત જ થાય છે. એ નિઃસંદેહ છે. સીધી દિશામાં નમવાથી અનુકુળ અનુભવ થાય છે. આમ ભવ, ભાવ અને સ્વભાવની ત્રિવલીમાં ઉત્તરોત્તર વધતાં જતાં અપૂર્વ એવા દિવ્યપ્રકાશની પ્રાપ્તિ થતી દેખાય છે.*

*– જૈનાચાર્ય શ્રીમદ્ જયન્તસેનસૂરિ 'મધુકર'*




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org